સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગની
વિધવા મહિલાઓ માટે વ્યકિતગત મકાન
સહાયની પંડિત દિનદયાળ ઉપાઘ્યાય
આવાસ યોજના.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ–૧૪૦૭–ન.બા.૨–અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :–૨૯/૩/૨૦૦૮

વંચાણે લીધાઃ–

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃસશપ–૧૪૯૭–ન.બા.૧–અ તા.૨૮/૧/૨૦૦૪

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ–૧૪૯૭–ન.બા.૧–અ તા.૨૭/૭/૨૦૦૭

ઠરાવઃ–

ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) માં જણાવેલ તા.૨૮/૧/૨૦૦૪ ના ઠરાવથી સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગ વિચરતી અને વિમુકત જાતિઓ તથા આર્થિકરીતે પછાતવર્ગ માટે વ્યકિતગત મકાન સહાયની પંડિત દિન દયાળ ઉપાઘ્યાય આવાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ વ્યકિતગત ધોરણે તથા વસાહત સ્વરુપે મકાન બાંધકામ માટે સહાય આપવામાં આવે છે સામાજીક શૈક્ષણિકરીતે પછાતવર્ગની વિધવા મહિલાઓની પરિસ્થિતિને ઘ્યાનમાં રાખીને આ વર્ગની વિધવા મહિલાઓ માટે જ પંડિત દિન દયાળ ઉપાઘ્યાય આવાસ યોજના અંતર્ગત મકાન સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે સામાજીક શૈક્ષણિક રીતે પછાતવર્ગની વિધવા મહિલાઓ માટેજ પંડિત દિનદયાળ ઉપાઘ્યાય આવાસ યોજના અંતર્ગત રૂ.૪૦૦૦૦/– ( રુપિયા ચાલીસ હજાર પુરા) ની સહાય આપવાનુ ઠરાવવામાં આવે છે આ યોજના માટે ચાલુ વર્ષે ૨૦૦૮–૦૯ ના અંદાજ પત્રમાં નવી બાબત તરીકે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૧૫૦૦ વિધવા મહિલાઓ માટે કરવામાં આવેલ રું.૬૦૦.૦૦ લાખનો ખર્ચ કરવાની આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ યોજના અંગેના ઉપર વંચામણે લીધેલ ક્રમાંકઃ૧ અને ૨ ના ઠરાવની શરતો તથા બોલીઓ યથાવત રહેશે.

(૨) આ ઠરાવનો અમલ તા.૧/૪/૦૮ થી કરવાનો રહેશે.

(૩) આ યોજનાનો લાભ ફકત સામાજીક શૈક્ષણિક રીતે પછાતવર્ગની વિધવા મહિલાઓને મળવાપાત્ર થશે. ભારત સરકાર કે રાજય સરકારની મકાન સહાયની અન્ય યોજનાનો લાભ મળેલ હશે તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.

⟹

657

(૩) આ યોજનાનો લાભ ફક્ત સામાજીક શૈક્ષણિક રીતે પછાતવર્ગની વિધવા મહિલાઓને મળવાપાત્ર થશે. ભારત સરકાર કે રાજ્ય સરકારની મકાન સહાયની અન્ય યોજનાનો લાભ મળેલ હશે તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.

૩. આ અંગેનુ ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ અંદાજપત્રના સદર–૨૨૨૫– અનુસૂચિતજાતિ/અનુસૂચિતઆદિજાતિ અને પછાતવર્ગનુ કલ્યાણ–૨૮૩, આવાસન–બીસીકે –૧૧૯–પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાકંની ફાઈલ પરની નાણા વિભાગની તા.૧૫/૩/૦૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહ ાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બકુલ શાહ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
–માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
–માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–માન. સર્વે મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–અગ્ર સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી
–એ.જી.અમદાવાદ/રાજકોટ
–નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ તથા બોર્ડ/કોર્પોરેશન.
–વિભાગની તમામ શાખાઓ.
–નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
–જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,અમદાવાદ/વડોદરા/સૂરત/રાજકોટ/ભાવનગર/જામનગર/જૂનાગઢ/સાબરકાંઠા/ગાંધીનગર
–સર્વે જલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા)
–<u>સિલેકટ ફાઈલ</u>

ટીઆરવી–૦૭–૮૩